## ગાંધીનગર સિવિલ હૉસ્પિટલમાં વર્ષ ૨૦૧૯ દરમ્યાન ૭૦૮૦ પ્રસૂતિ : ૨૮૩૮ સિઝેરીયન

# સિવિલ હૉસ્પિટલમાં વર્ષે સાડા સાત લાખ દર્દીઓને સારવાર

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ૨૦૧૯ના વર્ષ દરમ્યાન ૭,૮૧,૬૬૪ દર્દીઓએ સારવાર લીધી છે. જ્યારે ૭૦૮૦ પ્રસૂતાઓની પ્રસૂતિ સિવિલમાં કરવામાં આવી જે પૈકી ૨૮૩૮ સિઝેરીયન થયા. મેજર કહી શકાય તેવા ૮૯૫૧ ઓપરેશન ઓપરેશન થિયેટરમાં થયા છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ જિલ્લાની સૌથી મોટી હોસ્પિટલ છે. હજુ થોડાક વર્ષો પહેલાં જ સમગ્ર હોસ્પિટલનું રીનોવેશન કરી બેડની સંખ્યા વધારવામાં આવી છે. નવા નવા વિભાગો શરૂ કરી નિષ્ણાંત તબીબોથી માંડીને તમામ પેરામેડીકલ સ્ટાફનો વધારો કરવામાં આવ્યો છે. જેના કારણે સમગ્ર જિલ્લામાંથી મોટી સંખ્યામાં દર્દીઓ અહી સારવાર લેવા આવે છે. મા અમૃતમ યોજના અને પ્રધાનમંત્રી આરોગ્ય યોજનાનો લાભ અહીં ઝડપથી મળી જતો હોવાથી દર્દીઓ અહીં સારવાર લેવાનો આગ્રહ રાખે છે. ગરીબ અને મધ્યમ વર્ગીય પરિવારો માટે તો આ હોસ્પિટલ જ શ્રેષ્ઠ પુરવાર થઈ રહી છે. બેડની સંખ્યા વધારવામાં આવી હોવા છતાં અહીં દર્દીઓ એટલી મોટી સંખ્યામાં આવે છે કે બેડની હંમેશા અછત રહે છે. સાત માળની હોસ્પિટલમાં દર્દીઓ માટે અલગ અલગ સુવિધાઓ ઉપલબ્ધ બનાવાઈ છે.

૨૦૧૯ના વર્ષના દર્દીઓના આંકડાઓનુ પ્રુથ્થકરણ કરીએ તો જાણવા મળશે કે વર્ષ દરમ્યાન લાખો દર્દીઓ અહીં સારવાર લે છે. સિવિલના વિવિધ વિભાગોમાં વર્ષ દરમ્યાન ૬,૬૪,૮૩૬ દર્દીઓએ આઉટડોર પેશન્ટ તરીકે સારવાર લીધી. જ્યારે ૧,૧૬,૮૨૮ દર્દીઓએ તાત્કાલિક સારવાર વિભાગમાં સારવાર લીધી. આ દર્દીઓ પૈકી ૫૯૮૧૭ દર્દીઓને દાખલ કરવામાં આવ્યા. હોસ્પિટલના નવીનીકરણ બાદ અહીંના ઓપરેશન થિયેટરો પણ વધુ સાધન સુસજ્જ બન્યા છે. જેના કારણે ઓપરેશનોની સંખ્યા વધી છે. વર્ષ દરમ્યાન ૮૯૫૧ મોટા અને ૨૪૪૯૩ નાના ઓપરેશન થયા. અહીંનો ગાયનેક વિભાગ પણ દર્દીઓને સારી સુવિધા આપતો હોવાથી શહેર ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોમાંથી પણ મોટી સંખ્યામાં પ્રસૂતા બહેનો પ્રસૂતિ માટે સિવિલ હોસ્પિટલ આવે છે. વર્ષ દરમ્યાન ૪૨૪૨ નોર્મલ પ્રસૂતિ થઈ જ્યારે ૨૮૩૮ પ્રસૂતિ સિઝેરીયન ઓપરેશન દ્વારા થઈ. આ ઉપરાંત દર્દીઓએ અહી મોટી સંખ્યામાં રેડીયોલોજી અને લેબ ઈન્વેસ્ટીગેશન કરાવ્યા છે.

| | જાન્યુઆરી | ફેબ્રુઆરી | માર્ચ | એપ્રિલ | મે | જૂન | જુલાઈ | ઓગષ્ટ | સપ્ટેમ્બર | ઓક્ટોમ્બર | નવેમ્બર | ડિસેમ્બર | ટોટલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઓપીડીના દર્દીઓ | ૫૩૮૬૨ | ૫૩૭૨૬ | ૫૬૭૪૫ | ૫૦૦૨૭ | ૫૧૮૯૯ | ૪૮૯૫૦ | ૬૫૮૪૪ | ૬૧૯૩૦ | ૫૩૬૧૦ | ૫૪૧૬૨ | ૫૬૫૩૦ | ૫૭૫૫૧ | ૬૬૪૮૩૬ |
| તાત્કાલિક સારવાર | ૭૮૮૫ | ૮૫૩૧ | ૯૬૩૧ | ૮૬૬૩ | ૮૯૪૦ | ૯૦૯૩ | ૧૧૦૬૬ | ૧૧૯૮૫ | ૧૧૮૪૨ | ૧૨૧૧૯ | ૯૧૪૬ | ૭૯૨૭ | ૧૧૬૮૨૮ |
| દાખલ દર્દીઓ | ૪૬૫૯ | ૪૩૨૬ | ૪૫૪૪ | ૪૧૭૧ | ૪૩૨૨ | ૪૪૯૦ | ૫૫૬૧ | ૫૯૨૯ | ૬૦૪૨ | ૬૦૧૦ | ૫૨૩૦ | ૪૫૩૩ | ૫૯૮૧૭ |
| રજા અપાયેલ દર્દીઓ | ૩૫૬૫ | ૩૩૦૬ | ૩૪૬૨ | ૩૨૮૩ | ૩૩૩૬ | ૩૩૫૬ | ૪૩૯૮ | ૪૪૬૪ | ૪૬૫૬ | ૪૭૬૧ | ૪૧૨૫ | ૩૫૫૭ | ૪૬૨૬૯ |
| ● ઓપરેશન | | | | | | | | | | | | | |
| મોટા ઓપરેશન | ૮૦૧ | ૭૩૯ | ૬૪૮ | ૬૬૮ | ૬૫૭ | ૬૬૯ | ૯૧૨ | ૮૬૬ | ૭૩૮ | ૭૨૨ | ૬૭૦ | ૮૬૧ | ૮૯૫૧ |
| નાના ઓપરેશન | ૨૧૫૯ | ૧૯૬૪ | ૨૦૨૬ | ૨૦૧૮ | ૧૮૮૯ | ૧૬૮૬ | ૨૧૨૭ | ૧૯૩૮ | ૨૦૨૩ | ૨૦૪૭ | ૨૩૨૬ | ૨૨૯૦ | ૨૪૪૯૩ |
| નોર્મલ પ્રસૂતી | ૩૦૯ | ૨૪૨ | ૨૬૪ | ૨૬૩ | ૩૧૬ | ૩૬૮ | ૩૯૩ | ૪૩૨ | ૪૨૬ | ૪૫૭ | ૪૦૨ | ૩૭૦ | ૪૨૪૨ |
| સીઝરીયન પ્રસૂતિ | ૨૩૪ | ૧૮૨ | ૧૮૨ | ૧૮૮ | ૨૩૪ | ૨૩૨ | ૨૭૮ | ૩૦૩ | ૨૭૦ | ૨૫૭ | ૨૩૪ | ૨૪૪ | ૨૮૩૮ |
| ● રેડીયોલોજી ઈન્વેસ્ટીગેશન | | | | | | | | | | | | | |
| એક્સરે | ૮૨૨૫ | ૭૮૪૯ | ૭૮૭૦ | ૭૪૯૮ | ૭૧૯૦ | ૭૨૫૦ | ૮૬૯૫ | ૭૫૧૯ | ૭૫૭૫ | ૬૮૨૯ | ૭૫૫૦ | ૭૭૫૭ | ૯૧૮૦૭ |
| સોનોગ્રાફી | ૨૭૫૨ | ૨૬૫૮ | ૨૮૮૪ | ૩૫૩૯ | ૨૨૦૨ | ૨૮૮૮ | ૩૬૬૮ | ૩૬૮૩ | ૩૨૨૯ | ૨૬૮૬ | ૨૭૫૮ | ૧૯૩૯ | ૩૪૮૮૬ |
| ખાસ તપાસ | ૨૦૯ | ૧૯૬ | ૨૪૦ | ૨૧૦ | ૯૦ | ૯૮ | ૭૬ | ૧૩૪ | ૧૦૬ | ૧૨૦ | ૧૫૧ | ૧૭૧ | ૧૮૦૧ |
| સીટીસ્કેન | ૩૪૭ | ૩૬૩ | ૩૫૭ | ૩૬૨ | ૩૦૯ | ૪૧૭ | ૪૧૫ | ૪૧૩ | ૪૩૬ | ૩૭૫ | ૪૫૧ | ૪૦૪ | ૪૬૪૯ |
| લેબ ઈન્વેસ્ટીગેશન | ૧૦૯૨૭૩ | ૧૦૭૭૮૬ | ૧૦૮૫૭૧ | ૯૮૯૯૬ | ૧૦૮૫૪૪ | ૧૦૫૭૩૪ | ૧૩૩૭૫૪ | ૧૩૪૬૬૩ | ૧૫૬૪૧૧ | ૧૧૬૯૧૩ | ૧૦૫૦૬૨ | ૧૧૧૯૬૩ | ૧૩૯૭૬૭૦ |

# શહેરની વધુ એક દીકરીનું ભરતનાટયમ્ ક્ષેત્રે આરંગેત્રમ્



ગાંધીનગરના સાંસ્કૃતિક મૂલ્યમાં આજે વધારો થયો છે કેમ કે શહેરની વધુ એક દિકરીએ ભરતનાટયમ્ ક્ષેત્રે સાત વર્ષની સાધના પછી આરંગેત્રમ્ થકી પદાર્પણ કર્યું છે. આ ઉદગારો વ્યકત કર્યા હતા ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાંત જહાએ જયારે રવિવારની બપોરે વાવોલની કુ.આસ્થા ભાવસારે સે-૨ ૩માં ખિમજી વિશરામ હોલ ખાતે આરંગેત્રમ પ્રસ્તુત કર્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત શહેરના મેયર રીટાબેન પટેલે પણ 'નારી ગૌરવ'ના સન્માન પ્રસંગે મહિલા મેયર તરીકે જોડાવાનો રાજીપો વ્યકત કર્યો હતો. કુ. આસ્થાને કલાગુરુઓ તથા પારિવારિક સ્નેહીજનોએ આશીર્વાદ સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

# શનિવારની સાંજે ટાઉનહોલમાં યોજાઈ સંગીતમય સૂરવંદના




ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરના ઉગતા ગાયક કલાકાર પૃથ્વીરાજસિંહ એસ. રાઠોડ દ્વારા ગુજરાત રાજ્ય સંગીત નાટ્ય અકાદમીના સહયોગથી શનિવારની રાત્રે સેક્ટર-૧૭ના ટાઉનહોલ ખાતે સૂરવંદના કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં અતિથિ વિશેષપદે મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા, હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમના ચેરમેન શંકરભાઈ દલવાડી તથા તબીબ ડૉ. યશવંત છાટબાર સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

સૂરવંદના કાર્યક્રમમાં અમદાવાદના જાણીતા સંગીતકાર દેવાંગ કોસ્ટિના લાઈવ ઓરકેસ્ટ્રાના સથવારે મુખ્ય કલાકારો સતુભા રાઠોડ અને પૂર્ણિમા ભટ્ટ સહિત અનેક નામી-અનામી અને ઉગતા યુવા ગાયક કલાકારોએ હિન્દી-ગુજરાતી ફિલ્મી ગીતોનો રસથાળ પ્રસ્તુત કર્યો હતો. સૂરવંદના કાર્યક્રમનું રસપ્રદ સંચાલન વિજય તિવારીએ કર્યુ હતુ. કાર્યક્રમને મોટી સંખ્યામાં શહેરના સંગીતરસિક શ્રોતાઓએ ઉપસ્થિત રહી માણ્યો હતો અને કલાકારોની પ્રસ્તુતિને તાળીઓના ગડગડાટથી વધાવી હતી.

# કલા મહાકુંભની જાહેરાત કરાઈ

## વિદ્યાર્થીઓથી લઈ ગુજરાતના સામાન્ય નાગરિક સ્પર્ધામાં ભાગ લઈ શકશે

## ૭ જાન્યુઆરી સુધીમાં ઓનલાઈન અને ઓફલાઈન ફોર્મ ભરી શકાશે

ગાંધીનગર, તા. ૫

જાન્યુઆરી અને ફેબ્રુઆરી માસ દરમિયાન ગુજરાતમાં કલા મહાકુંભ યોજાશે. દર વર્ષે રમત ગમત યુવા અને સાંસ્કૃતિક વિભાગ ગાંધીનગર દ્વારા કલા મહાકુંભનું આયોજન કરવામાં આવે છે. કલા મહાકુંભ એવુ પ્લેટફોર્મ છે જ્યા વિવિધ કલાના મહારથીઓ તેમની કલાનુ પ્રદર્શન કરી શકે છે. કલા મહાકુંભના આયોજન અંતર્ગત રાજયના તમામ જિલ્લાઓમાં રમતગમત અધિકારીની કચેરીમાં ફોર્મ ભરવાની કામગીરી ચાલી રહી છે જેની છેલ્લી તારીખ ૭ જાન્યુઆરી છે. આગામી દિવસોમાં ગાંધીનગર મહાનગરપાલિકા અને ગાંધીનગર જિલ્લાકક્ષા માટે તાલુકા/ઝોન/જિલ્લાકક્ષાની વિવિધ સ્પર્ધાઓ જાન્યુઆરી અને ફેબ્રુઆરી માસમાં યોજાશે. જે અંતર્ગત ઝોન/તાલુકાકક્ષાએ ૧૪ સ્પર્ધાઓ પૈકી સુગમ સંગીત, સમુહગીત, લગ્નગીત, લોકગીત/ભજન, ગરબા, રાસ, લોકનૃત્ય, એકપાત્રીય અભિનય, તબલા, હાર્મોનિયમ (હળવુ), ભરતનાટ્યમ, વક્તૃત્વ, ચિત્રકલા, નિબંધ સ્પર્ધા યોજાશે તથા સીધી જિલ્લાકક્ષાએ સ્કૂલ બેન્ડ, કથ્થક, ઓરગન, શાસ્ત્રીય કંઠ્ય સંગીત, કાવ્યલેખન, ગઝલ શાયરી, લોકવાર્તા, દુહા-છંદ-ચોપાઈ, સર્જનાત્મક કારીગરી તથા સીધી પ્રદેશકક્ષાએ સિતાર, ગિતાર, કુચીપુડી, ઓડીસી, મોહિનીઅટ્ટમ, વાંસળી, વાયોલીન અને સીધી રાજ્યકક્ષાએ પખાવજ, મૃંદગમ, રાવણ હથ્થો, જોડીયા પાવા સારંગી, સરોદ ભવાઈ જેવી સ્પર્ધાઓ યોજાશે. કલામહાકુંભમાં શાળા-કોલેજના વિદ્યાર્થીઓ સહિત ગુજરાતભરમાંથી કોઈપણ વ્યક્તિ ભાગ લઈ શકે છે. જેમાં ઉમંર બાધ રાખવામાં આવ્યો નથી.

આ સ્પર્ધાના ઓફલાઈન ફોર્મ તા. ૭ જાન્યુઆરી સુધી જે તે કચેરીમાંથી મેળવી શકાશે તથા કચેરીના બ્લોગ એડ્રેસ https://youthofficergandhinagar.wordpress.com પરથી ડાઉનલોડ કરી શકાશે. આ ફોર્મ જિલ્લા રમતગમત અધિકારીની કચેરી "સી" વિંગ, છઠ્ઠો માળ, સહયોગ સંકુલ સે. ૧૧ ગાંધીનગર ખાતે કચેરી સમય દરમ્યાન મોકલી શકાશે તથા dydogandhinagar18@gmail.com પર ઈમેઈલ કરી શકાશે તેમ ડિસ્ટ્રીક્ટ યુથ ડેવલપમેન્ટ ઓફિસર કુ. તેજલબેન ચૌહાણ દ્વારા જણાવાયું છે.

# ગુજરાત સરકાર કરકસરના માર્ગે, કર્મચારીઓની પેશગી રદ થશે, જાહેર સાહસોને વધુ ગ્રાન્ટ નહીં

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

ગુજરાત સરકારે તેના આગામી વર્ષના બજેટમાં કરકસરના પગલાં લીધા છે. બજેટ કાપ સાથે કેટલીક બિનજરૂરી પરંપરાને રદ કરી છે, જે વર્ષોથી ચાલતી આવે છે. આવો જ એક મોટો નિર્ણય કર્મચારીઓ માટે લેવામાં આવ્યો છે. ગુજરાત સરકારના કર્મચારીઓને મળતી ૧૦ પ્રકારની પેશગીઓ રાજ્યના નાણા વિભાગે રદ કરી છે. આ પેશગીઓમાં સાયકલ ખરીદવી, પંખા ખરીદવા, અનાજ ખરીદવાનો સમાવેશ થાય છે. એ ઉપરાંત તહેવાર અને રજા પેશગી ઉપરાંત નોકરી દરમ્યાન મૃત્યુ પામેલા કર્મચારીના પરિવારને તાત્કાલિક નાણાકીય સહાય આપવાની કે પરિવારને વતન પ્રવાસ ખર્ચ માટેની જોગવાઈને રદ કરી દેવામાં આવી છે. નાણા વિભાગે એક આદેશમાં જણાવ્યું છે કે બદલી વખતે આપવામાં આવતી પેશગી, પ્રવાસ ભથ્થાં પેશગી અને ખાતાકીય હેતુઓ માટેની પેશગી પણ રદ કરી દેવામાં આવી છે. આવી તમામ પેશગીની રકમને દર વર્ષે સામાન્ય અંદાજપત્રમાં જોગવાઈ કરવામાં આવતી હતી પરંતુ ૨૦૨૦-૨૧ના સામાન્ય અંદાજપત્રમાં આ રકમ રદ કરી દેવામાં આવી છે. અનુભવે જણાયું છે કે આવી પેશગીઓનો કર્મચારીઓ દ્વારા ઉપયોગ કરવામાં આવતો નથી અને રૂપિયાનું રોકાણ થાય છે તેથી તેને બંધ કરી દેવામાં આવી છે. ખાસ કરીને કર્મચારીઓને સાતમા પગારપંચનો લાભ મળતાં તેઓના પગારધોરણમાં વધારો થયો હોવાથી આવી પેશગીઓ અસ્થાને હોવાથી તેની જોગવાઈને ખતમ કરવામાં આવી છે.

**ભાજપમાં જોડાયેલા કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરોના કામો ઝડપી થાય છે, ભાજપના નહીં**

**તાલીમનો સમયગાળો હવે ઓન ડ્યુટી ગણાશે નહીં...**

ગુજરાત સરકારના કર્મચારી તેમજ અધિકારીઓને મળવાપાત્ર રજા તથા રજાઓ મંજૂર કરવાની સત્તા જે તે વિભાગના વડાઓ નક્કી કરતા હોવાથી રાજ્યના નાણા વિભાગે તેનો વાંધો ઉઠાવ્યો છે અને એવી સૂચના આપી છે કે તાલીમના સમયગાળા દરમ્યાન કર્મચારી કે અધિકારીની રજાઓને ઓન ડ્યુટી ગણવી નહીં. જ્યારે કર્મચારી કે અધિકારીની તાલીમ રાજ્ય સરકાર દ્વારા નિયત કરવામાં ન આવી હોય ત્યારે જો કર્મચારી કે અધિકારી સ્વેચ્છાએ તાલીમ પર રજા પર ઉતરે તો તેની રજાને મળવાપાત્ર ગણાશે. કોઈપણ તાલીમના સમયગાળાને ઓન ડ્યુટી ગણવો કે નહીં તેનો નિર્ણય સામાન્ય વહીવટ વિભાગ અને નાણા વિભાગના પરામર્શમાં રહીને કરવાનો રહેશે. નાણા વિભાગે ઠરાવ્યું છે કે રાજ્યના કોઈપણ વિભાગ કે ખાતાના વડાએ નાણા વિભાગ અને સામાન્ય વહીવટ વિભાગના પરામર્શ વિના કોઈપણ તાલીમ કે સારવારના સમયગાળાની રજાને ફરજ પર ગણવાની સૂચનાઓ પરિપત્રિત કરવાની રહેશે નહીં. જો કે સરકાર દ્વારા તાલીમ નિયત કરવામાં આવી હોય તો આ બન્ને વિભાગોની મંજૂરીની આવશ્યકતા નથી પરંતુ વિભાગ કે ખાતાના વડા તાલીમ માટે કોઈને મોકલે તો તેમાં મંજૂરીની આવશ્યકતા રહે છે. આ આદેશનું પાલન સરકારના તમામ વિભાગો તેમજ બોર્ડ-કોર્પોરેશનને પણ લાગુ પાડવામાં આવ્યા છે.

**લ્યો સરકારમાં કરકસરનો અમલ શરૂ થયો...**

સામાન્ય પરિવારોને મોંઘવારી નડે છે તેમ સરકારને પણ મોંઘવારી નડી છે. સરકારે વિભાગો તેમજ જાહેર સાહસો માટે કરકસરના રસ્તા અપનાવ્યા છે જેનું રિફલેકશન આગામી વર્ષ ૨૦૨૦-૨૧ના સામાન્ય અંદાજપત્ર પર પડશે. ગુજરાત સરકારના આગામી બજેટમાં સરકારે કેટલીક બાબતો પર કાપ મૂક્યો છે. બજેટમાં નવી બાબતોનો સમાવેશ કરવા માટે નાણા વિભાગ દ્વારા આપવામાં આવેલા ડોક્યુમેન્ટમાં કેટલીક સૂચનાઓ આપવામાં આવી છે. ખાસ કરીને સરકારના જાહેર સાહસોમાં ફાળવવામાં આવતી રકમમાં કાપ મૂકવામાં આવ્યો છે. નાણા વિભાગે તમામ બોર્ડ-કોર્પોરેશન અને આયોગને જણાવ્યું છે કે તેમની પાસે જીએસએફએસમાં રહેલા સેવિંગમાં ત્રણ વર્ષના ખરેખર ખર્ચની રકમ કરતાં વધુ રકમ હોય તો તેમને નવા અંદાજપત્રમાં ગ્રાન્ટ ફાળવવાની રહેતી નથી તેથી ગ્રાન્ટ માટે કોઈ જોગવાઈ કરવાની રહેશે નહીં. એટલું જ નહીં જે કિસ્સામાં સેવિંગની રકમ ખરેખર ખર્ચની રકમ કરતાં ઓછી હોય તો તે માટે ત્રણ વર્ષના સરેરાશ ખર્ચને ધ્યાને લઈ સરેરાશ વાર્ષિક ખર્ચ કરતાં વધુ રકમની જોગવાઈ કરવાની રહેતી નથી. એટલે કે સરકારે બોર્ડ-કોર્પોરેશનના ખર્ચમાં જાલીમ ઘટાડો કર્યો છે જે નાણા વિભાગની કરકસરની નીતિ દર્શાવે છે.

**વિજય રૂપાણી ૨૦-૨૦ મેચ રમે છે પરંતુ તેમના કેબિનેટના સભ્યો ટેસ્ટમેચ પણ રમતા નથી**

**સરકારે ગૌસેવાની ૧૧ યોજનાઓ બંધ કરી દીધી...**

ગુજરાતમાં ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડની વિવિધ સહાયકારી યોજનાઓ ચાલી રહી છે પરંતુ સરકારે અચાનક ૧૧ યોજનાઓ બંધ કરી દીધી છે. રાજ્ય સરકારે તેના સામાન્ય અંદાજપત્રમાં કુલ યોજનાઓમાં ૩૮.૨૩ કરોડ રૂપિયાની ફાળવણી પણ કરી દીધી હતી પરંતુ પશુપાલન નિયામકના અધ્યક્ષપદે રચાયેલી કમિટી દ્વારા આ યોજનાઓની સમીક્ષા કરવામાં આવતા ચોંકાવનારી વિગતો બહાર આવી છે. કૃષિ વિભાગના અધિકારીએ કહ્યું હતું કે ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ હસ્તકની આ યોજનાઓ બંધ કરી દેવામાં આવી છે. આ યોજનાઓનું અમલીકરણ નહીં થતું હોવાનું મુખ્ય કારણ સામે આવ્યું છે, જેની સાથે કેટલીક યોજનાઓ બેવડાતી હોવાનું ધ્યાનમાં આવ્યું છે. સરકારના આ ક્ષેત્રે ફાળવેલા કુલ બજેટ પૈકી ૧૧ યોજનાઓમાં ૪.૬૦ કરોડ રૂપિયાનો ખર્ચ થવાનો હતો જે અટકાવી દેવામાં આવ્યો છે. સરકારે પશુઓના છાણમાંથી સૈન્દ્રીય ખાતર ઉત્પાદન કરવાની, ઉત્તમ આનુવંશિક ઘણ પેદા કરવાની, ગૌવંશના બાંકરા સાંઢનું ખસીકરણ કરવાની, પશુપાલકોને તાલીમ આપવાની તેમજ પ્રદર્શન એકમ અને લાયબ્રેરી ચાલુ રાખવાની યોજનાઓ બંધ કરી છે. એટલું જ નહીં ગાયોના આર્થિક ઉત્પાદન વધારવા સંશોધન માટેની સહાય યોજના, ગૌરક્ષકોને પ્રોત્સાહન ઈનામો આપવાની યોજના તેમજ જીવદયા હેલ્પલાઈન યોજના બંધ કરવામાં આવી છે. આ તમામ યોજનાઓ ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ હસ્તકની છે.



**ગાયોને માતા માનનારી ભાજપની સરકારે ગૌસેવાની ૧૧ યોજનાઓ ઓચિંતી બંધ કરી દીધી**

**સરકારનો નિયમ છે પરંતુ અમલ થતો નથી...**

રાજ્યના શહેરોમાં જ્યાં કોમર્શિયલ બિલ્ડીંગ બને ત્યાં ફરજીયાત પાર્કિંગની સુવિધા આપવી જરૂરી હોવા છતાં તેનો અમલ થતો નથી પરિણામે લોકો તેમના વાહનો રોડસાઈડે પાર્કિંગ કરી રહ્યાં છે. અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા, ગાંધીનગર, જામનગર અને ભાવનગરના શહેરી વિસ્તારોમાં સૌથી મોટી સમસ્યા રોડસાઈડે પાર્કિંગની છે. અદાલતમાં જ્યારે કોઈ પિટીશન થાય છે ત્યારે અદાલતના આદેશ પછી વાહનો હટાવી દેવામાં આવે છે પરંતુ ૧૫ દિવસમાં સ્થિતિ પૂર્વવત થઈ જાય છે. શહેરી વિકાસ વિભાગના એક અધિકારીએ કહ્યું હતું કે કોમર્શિયલ બિલ્ડીંગની મંજૂરી આપતાં પહેલાં પાર્કિંગની સુવિધા અંગે કડક ચેકીંગ કરવું જોઈએ. એટલું જ નહીં, જે કોમર્શિયલ બિલ્ડીંગમાં પાર્કિંગ ન હોય તો તેને તત્કાલ સીલ કરી દેવામાં આવે, કે જેથી રોડસાઈડે પાર્કિંગ થતાં અટકી શકે. સરકારના જીડીસીઆરમાં જોગવાઈ હોવા છતાં શહેરોમાં એવાં બિલ્ડીંગ મંજૂર થઈ રહ્યાં છે કે જ્યાં પાર્કિંગની સુવિધા નથી. અમદાવાદના ૪૫ ટકા કોમર્શિયલ બિલ્ડીંગના બેઝમેન્ટમાં પાર્કિંગ છે પરંતુ તેમાં વાહનો મૂકવાની જગ્યાએ ટ્યુશન ક્લાસિસ અને દુકાનો શરૂ કરી દેવામાં આવી છે.

**રૂપાણીના સાથી સભ્યો ટેસ્ટમેચ પણ રમતા નથી...**

ગુજરાતમાં મુખ્યમંત્રી વિજય રૂપાણી કહે છે કે તેઓ ૨૦-૨૦ ક્રિકેટ મેચની જેમ સરકારનો વિકાસ વહીવટ ચલાવે છે પરંતુ તેમની સરકારમાં કેબિનેટ અને રાજ્યકક્ષાના મંત્રીઓ ટેસ્ટમેચ પણ રમી શકતા નથી. સરકારમાં ૭૦ ટકા મંત્રીઓ તેમના વિભાગનું પરફોર્મન્સ બતાવી શક્યા નથી. રૂપાણીની ઝડપ સામે તેમના સાથી સભ્યોની કામ કરવાની ઝડપ એટલી બધી ઓછી છે કે તેઓ તેમના વિભાગને ન્યાય પણ આપી શકતા નથી. છેલ્લા બે વર્ષથી કેબિનેટના સભ્યોએ કરેલા કામોનું સરવૈયું પણ માગવામાં આવ્યું નથી. ભાજપના એક સિનિયર ધારાસભ્યએ કહ્યું હતું કે રૂપાણી સરકાર તેમની કામની ઝડપ વધારવા માગે તો તેમણે તેમના કેબિનેટના સભ્યોને પણ ઝડપ કરવાનો આદેશ આપવો જોઈએ, કે જેથી રાજ્યની સાડા છ કરોડની જનતાને ટીમ ગુજરાતની અનુભૂતિ થઈ શકે. અહીં નરેન્દ્ર મોદીનું ટીમ ગુજરાતનું સ્વપ્ન રોળાઈ રહ્યું હોવાનું જણાય છે. ગુજરાતમાં મોદીએ ૨૦૦૧ થી ૨૦૧૪ સુધી શાસન કર્યું છે પરંતુ છેલ્લે જ્યારે તેઓએ ગુજરાત છોડ્યું ત્યારે ટીમ ગુજરાતની ઓળખ હતી, જે આજે સરકારમાં ક્યાંય દેખાતી નથી. તાજેતરમાં જ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કહ્યું હતું કે મને ૨૦-૨૦ રમવાનો શોખ નથી. હું કોઈ રમત રમતો નથી માત્ર લોકોની સેવા કરૂં છું.

**ભાજપના કાર્યકરો માટે સારા દિવસો નથી...**

ગુજરાતના સચિવાલયમાં ભાજપના કાર્યકર્તાઓ માટે ખરાબ દિવસો ચાલી રહ્યાં છે, કેમ કે તેમના કામો થતાં નથી. બીજી તરફ કોંગ્રેસમાંથી આવેલા નેતાઓ અને કાર્યકર્તાઓની સચિવાલયમાં ચહલપહલ વધુ જોવા મળે છે. જે નેતાઓ અને કાર્યકરે માત્ર ભાજપનો સિમ્બોલ સ્વિકાર્યો છે તેઓ લેટરહેડ લઈને અંગત કામો કરાવી રહ્યાં છે જ્યારે ભાજપના ખુદના ધારાસભ્યોના કામો વિલંબમાં પડે છે. કોંગ્રેસમાંથી આવેલા એક ધારાસભ્ય તો મંત્રીઓની ચેમ્બરમાં અંગત સ્ટાફ સાથે બેસીને તેમના કામો વટ કે સાથ કરાવી રહ્યાં છે. સચિવાલયમાં એવું ચર્ચાઈ રહ્યું છે કે ભાજપના કાર્યકર કે નેતાને સરકારના કોઈ વિભાગોમાં કોઈ કામ કરાવવું હોય તો કોંગ્રેસ કે પાટીદાર અનામત આંદોલનમાંથી ભાજપમાં આવેલા નેતાઓ પાસે જવું જોઈએ, કેમ કે તેમના કામો વહેલા થઈ જાય છે. મંત્રીઓ જ નહીં, વિભાગના ઉચ્ચ અધિકારીઓ પણ ભાજપમાં આયાતી નેતાઓ કે કાર્યકરોના કામો ઝડપથી કરી રહ્યાં છે. આમ પણ ભાજપમાં જોડાયેલા કોંગ્રેસના ત્રણ કાર્યકરોને ગણતરીના કલાકોમાં રૂપાણી કેબિનેટમાં સ્થાન મળેલા છે. આશ્ચર્યની બાબત તો એવી છે કે ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમની ઉદ્યોગભવન સ્થિત કચેરી આજે કોંગ્રેસના નેતાઓનો અડ્ડો બની ચૂકી છે. એવી જ રીતે કેબિનેટ મંત્રી કુંવરજી બાવળિયા, જવાહર ચાવડા અને રાજ્યમંત્રી ધર્મેન્દ્રસિંહ જાડેજાની ચેમ્બર કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરોથી હાઉસફુલ જોવા મળતી હોય છે. ભાજપના એક સિનિયર કાર્યકરે કટાક્ષમાં કહ્યું છે કે અહીંયા ભાજપ અને કોંગ્રેસની મિલીઝૂલી સરકાર કામ કરી રહી છે.